**મહીસાગર શાળા સંચાલક મંડળનો હુંકાર: રાજ્ય કક્ષાના હોદ્દેદારોની હાજરીમાં સરકાર સામે બાંયો ચઢાવી**

# શિક્ષણમાં ‘આઉટસોર્સિંગ’ પ્રથા નાબૂદ કરવા, વીજદરમાં રાહત આપવા માંગ

**મુખ્યમંત્રી અને શિક્ષણ** મંત્રી સમક્ષ રજૂઆત કરવા રણનીતિ ઘડાઈ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.28

મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળની કારોબારી અને સામાન્ય સભામાં શિક્ષણ જગતના પડતર પ્રશ્નો મુદ્દે ભારે આક્રોશ જોવા મળ્યો હતો. રાજ્ય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ મનુભાઈ રાવલ અને અન્ય ઉચ્ચ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં શિક્ષણમાં ખાનગી એજન્સીઓના હસ્તક્ષેપ અને શાળાઓ પર પડતા આર્થિક બોજ સામે લડત આપવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આઉટસોર્સિંગ એજન્સીઓ હટાવો, સંચાલકોને સત્તા આપો બેઠકમાં મહત્વનો મુદ્દો ગ્રાન્ટ-ઈન-એઈડ શાળામાં એસએસએ યોજના અંતર્ગત ચાલતા વોકેશનલ ટ્રેડનો ઉઠ્યો હતો.

મહીસાગરની શાળાના સંચાલકોએ સ્પષ્ટ માંગ કરી છે કે, આઉટસોર્સિંગ એજન્સીઓના સ્થાને જિલ્લા શાળા સંચાલક મંડળને સંચાલન સોંપવામાં આવે અને આચાર્ય દ્વારા જ નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવા સુધારા તાત્કાલિક કરવામાં આવે. શાળાઓ પર ‘કોમર્શિયલ’ વીજદરનો અન્યાય કેમ? શાળા સંચાલનમાં વપરાતી વીજળી પર હાલમાં ‘કોમર્શિયલ’ દરે ટેક્સ વસૂલવામાં આવે છે, જેની સામે સંચાલકોએ વિરોધ નોંધાવ્યો છે. શાળાઓને રહેણાંકના દરે વીજળી આપવા અને પીએમ સૂર્ય ઘર યોજનાની સબસીડીનો લાભ આપવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ગ્રામ પંચાયતોને મળતી એસબીએમ યોજનાની ગ્રાન્ટમાંથી 20 ટકા રકમ શાળાના શિક્ષણ પાછળ વાપરવાની પણ માંગ કરાઈ છે.



તસવીર: ચિંતન પટેલ

આ અંગે મુખ્યમંત્રી સાથે બેઠકનું આયોજન જિલ્લાના પ્રશ્નોને વાચા આપવા માટે ટૂંક સમયમાં જ મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી અને શિક્ષણ સચિવ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજવાનું નક્કી કરાયું છે.

મહીસાગર જિલ્લાના હોદ્દેદારોને રાજ્ય કક્ષાએ યોગ્ય પ્રતિનિધિત્વ આપવાની માંગ સાથે મંડળ હવે સરકાર સામે મક્કમ રજૂઆત કરશે. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહામંત્રી નરેન્દ્રસિંહ સિસોદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# કપડવંજ શહેરમાં રામ જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નિકળી

**રામજી મંદિરોમાં** વિશેષ પૂજા અને મહાઆરતીના આયોજન સાથે પંથક રામમય બન્યો



તસવીર: હરિશ જોશી

(પ્રતિનિધિ) કપડવંજ તા.28

કપડવંજ તાલુકામાં ચૈત્ર સુદ નોમના પવિત્ર દિવસે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવની ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે નગરના વિવિધ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો અને ભવ્ય શોભાયાત્રા યોજાતા સમગ્ર પંથક ભક્તિના રંગે રંગાયો હતો.

કપડવંજમાં આવેલા સુથારવાડાના ચકલા સ્થિત મોટા રામજી મંદિર તથા પટેલવાડાના નાકે આવેલા નાના રામજી મંદિર ખાતે ભગવાનની ભવ્ય આરતી અને વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, નગરના તમામ વિષ્ણુ મંદિરોમાં રામ જન્મોત્સવની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. રામ ભક્ત હનુમાનજીના મોટા મંદિર ખાતે પણ ભવ્ય સમૂહ આરતી યોજાઈ હતી. આ ઉજવણીના ભાગરૂપે સુથારવાડાના મોટા રામજી મંદિરથી ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં નગરજનો અને વિવિધ ભજન મંડળીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સુથારવાડાના સ્થાનિક અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

**નાઈટ્રેટનું પ્રમાણ વધતા પાણીનો ઉપયોગ ન કરવા કડક સૂચના**

# હરદાસપુર ગામના પાંચ ફળિયાના બોરકુવાનું પાણી બિનપીવાલાયક

**પાણી પુરવઠા બોર્ડના** રિપોર્ટમાં પાણી અશુદ્ધ જણાતા તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) લુણાવાડા તા.28

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની હરદાસપુર ગ્રુપ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોના સ્વાસ્થ્ય સુરક્ષાને ધ્યાને રાખી એક અત્યંત મહત્વની અને ગંભીર જાહેર સૂચના બહાર પાડવામાં આવી છે. હરદાસપુર ખાતેના બોરકુવાનું પાણી લેબોરેટરી ટેસ્ટિંગ દરમિયાન પીવાલાયક ન હોવાનું અને તેમાં જોખમી તત્વો હોવાનું માલૂમ પડ્યું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (લુણાવાડા વિભાગ) દ્વારા આ બોરકુવાના પાણીના સેમ્પલ લઈને તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે પાણીમાં નાઈટ્રેટનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતા ઘણું વધારે જોવા મળ્યું છે. આ રિપોર્ટને આધારે પંચાયતે ઠાકોર ફળિયું, વણકર ફળિયું, પટેલીયા ફળિયું, વાળંદ ફળિયું, રાવળ ફળિયાના રહીશોને આ પાણીનો ઉપયોગ ન કરવા તાકીદ કરી છે.

આ અંગે નિષ્ણાંતોના મતે નાઈટ્રેટયુક્ત પાણી પીવાથી માનવ શરીર અને સ્વાસ્થ્ય પર અત્યંત ગંભીર અસરો થઈ શકે છે, જે ગ્રામજનો માટે હાનિકારક સાબિત થઈ શકે તેમ છે. આ બાબતની ગંભીરતાને સમજતા હરદાસપુરના સરપંચ અને તલાટી કમ મંત્રીએ એક સંયુક્ત યાદી જાહેર કરીને સ્પષ્ટ જણાવ્યું છે કે, કોઈ પણ ગ્રામજને આ બોરકુવાના પાણીનો ઉપયોગ પીવા માટે કરવો નહીં. ગ્રામજનોની સુરક્ષા અને સુખાકારી માટે પંચાયત દ્વારા આ સૂચનાનું ચુસ્તપણે પાલન કરવા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

આ ઘટનામાં સરકારી તંત્રની પણ પોલ ખુલી પડી ગઈ છે. અચાનક જ પાણીમાં નાઈટ્રેટનું પ્રમાણ વધવા પાછળનુ કારણ પણ તપાસનો વિષય બન્યો છે.

**જમાલપુરમાં તળાવની પાળ પર દરોડો**

# વીરપુરમાં 4.49લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે કુલ 8.49** લાખનો મુદ્દામાલ કબજે કર્યો, આરોપી અંધારામાં ફરાર થયો

(પ્રતિનિધિ) વીરપુર તા.28

મહીસાગર જિલ્લાના વીરપુર પોલીસ સ્ટેશન હેઠળના જમાલપુર ગામમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી લાખોની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. 26મી માર્ચની રાત્રે થયેલી આ કાર્યવાહી દરમિયાન મુખ્ય આરોપી પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

વીરપુર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે જમાલપુર ગામના તળાવની પાળે દારૂનું કટિંગ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે રાત્રિના સમયે દરોડો પાડતા ઘટનાસ્થળેથી આરોપી કિરણભાઈ ભાથીભાઈ પરમાર પોતાની ગાડી અને દારૂનો જથ્થો મૂકીને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો.

પોલીસ તપાસ દરમિયાન સ્થળ પરથી અલગ-અલગ બ્રાન્ડની વ્હિસ્કી અને બિયરની કુલ 2006 બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત 4,49,136 છે. પોલીસે દારૂ અને વાહન સહિત કુલ 8,49,136 નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે વીરપુર પોલીસે ગુનો દાખલ કરી ફરાર આરોપીને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

**બાકોર એસટી કંટ્રોલ પોઈન્ટ શોભાના ગાંઠિયા સમાન, મુસાફરોમાં રોષ**

# લુણાવાડાને ‘લીલી ઝંડી’ અને બાકોર સાથે ઓરમાયું વર્તન

**પાયાની સુવિધાઓના** અભાવે મુસાફરો ખાનગી વાહનોના શરણે, ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) ખાનપુર તા.28

ખાનપુર તાલુકાના બાકોર ખાતે એસ.ટી. કંટ્રોલ પોઈન્ટ કાર્યરત થયાને સાત માસ વીતી ગયા હોવા છતાં, તંત્રની બેદરકારી અને ઢીલા વલણને લીધે મુસાફરોની હાલાકીમાં કોઈ ઘટાડો થયો નથી. એક તરફ લુણાવાડાને પાંચ નવીન બસોની ભેટ આપવામાં આવી છે, ત્યારે બીજી તરફ બાકોરના મુસાફરો સાથે અન્યાય થતો હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. અહીં લાંબા અને ટૂંકા અંતરની બસો માત્ર કાગળ પર અને પ્લેટફોર્મ સુધી જ સીમિત રહી ગઈ છે.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા મુજબ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને અંબાજી જેવા મુખ્ય માર્ગો પર હજુ સુધી સીધી બસ સેવા શરૂ કરવામાં આવી નથી. આશ્ચર્યની વાત એ છે કે કોરોના કાળમાં બંધ થયેલા તાલુકા અને જિલ્લા મથકને જોડતા રૂટો પણ હજુ પુનઃ શરૂ થયા નથી. મુસાફરો માટે અનિવાર્ય એવી ઈ-ટિકિટ, પાસ સેવા અને પાર્સલ સુવિધા પણ અહીં ઠપ્પ છે. એટલું જ નહીં, એસ.ટી. કેન્ટીન બંધ હાલતમાં હોવાથી મુસાફરોને ખાવા-પીવાની ચીજવસ્તુઓ માટે પણ રઝળપાટ કરવો પડે છે.

વહીવટી તંત્ર અને રાજકીય આગેવાનો માત્ર ઉદ્ઘાટન કરી સંતોષ અનુભવતા હોવાથી જનતામાં ભારે રોષ છે. એસ.ટી. બસોની અનિયમિતતાને કારણે મુસાફરોએ વધુ ભાડું ખર્ચીને ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી રહી છે. જો આગામી સમયમાં પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવી નવીન બસ સેવાઓ શરૂ કરવામાં નહીં આવે, તો મુસાફરોએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

મહિસાગર જિલ્લામાં એકને ગોળ અને બીજાને ખોળની નીતિથી રોષ ફેલાયો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહેમદાવાદના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટીનો વિશેષ શૈક્ષણિક પ્રવાસ યોજાયો



**મહેમદાવાદ |** સમગ્ર શિક્ષાના રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન હેઠળ મહેમદાવાદ તાલુકાના વિદ્યાર્થીઓને ગાંધીનગર વિધાનસભા, સાયન્સ સિટી અને મેટ્રો ટ્રેનની મુસાફરીનો લહાવો આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિધાનસભાના લાઈવ સત્રની મુલાકાત લીધી હતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા શિક્ષણમંત્રી રિવાબા જાડેજા સહિતના મહાનુભાવો સાથે યાદગાર મુલાકાત કરી હતી. સાયન્સ સિટીમાં રોબોટિક્સ ગેલેરી, સ્પેસ પેવેલિયન અને એક્વેરિયમ નિહાળીને બાળકોએ વિજ્ઞાન સાથે શિક્ષણનો અદભૂત અને પ્રાયોગિક અનુભવ મેળવ્યો હતો.

### બાકરોલ સિનિયર સિટીઝન ફોરમ દ્વારા ‘સંગીત સંધ્યા’નું શાનદાર આયોજન કરાયું



**આણંદ |** બાકરોલ સિનિયર સિટીઝન ફોરમ દ્વારા મનોરંજન માટે ‘સંગીત સંધ્યા’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જી.એન. ભાવસાર અને રેખા ડાભી દ્વારા પ્રસ્તુત ‘પુરાને નગમે’ ના સૂર રેલાવીને ઉપસ્થિત તમામ સભ્યોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પ્રમુખ ધીરુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રસંગે મુખ્ય મહેમાનો અને દાતાઓનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરાયું હતું. જગદીશભાઈ આચાર્યના સંચાલન હેઠળ સંપન્ન થયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા ફોરમના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ દ્વારા ચૈત્ર આઠમ નિમિત્તે હવનનું ભવ્ય આયોજન



**આણંદ |** શહેરના સાંઈબાબા જનસેવા ટ્રસ્ટ દ્વારા ચૈત્ર માસની આઠમ નિમિત્તે માતાજીના ચરણોમાં પવિત્ર હવનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે વિવિધ યજમાનો અને શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહીને આઠમના હવનમાં આહુતિ આપી ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. હવનના આયોજનમાં સામેલ થયેલા તમામ ભાવિક ભક્તોએ માતાજીના અભુતપૂર્વ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. મોટી સંખ્યામાં ઉમટી પડેલા માઈભક્તોના દર્શનના લાભથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

### ઉમરેઠમાં સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાઈ



**ઉમરેઠ |** ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી અંતર્ગત સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ નગરમાં ભવ્ય મતદાન જાગૃતિ રેલી યોજી હતી. શાળાના શિક્ષકોની દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે રહેણાંક વિસ્તારોમાં ફરીને ‘મતદાન શ્રેષ્ઠ દાન’ ના સૂત્રોચ્ચાર કર્યા હતા. ‘વંદે માતરમ’ અને ‘ભારત માતા કી જય’ ના નાદ સાથે વિદ્યાર્થીઓએ નાગરિકોને અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જનજાગૃતિ ફેલાવવાનો રહ્યો હતો.

### ઉમરેઠના ગાયત્રી મંદિરે રામનવમી નિમિત્તે પંચ કુંડી ગાયત્રી યજ્ઞ યોજાયો



**ઉમરેઠ |** ઉમરેઠમાં રામનવમી અને ચૈત્રી નવરાત્રીના પાવન પર્વે ગાયત્રી મંદિર ખાતે ભક્તો દ્વારા મૌન સાધના અને જપ-તપના કાર્યક્રમો યોજાયા હતા. વિશ્વ કલ્યાણ અને ભારતના ઉજ્જવળ ભવિષ્યની પ્રાર્થના સાથે યોજાયેલા આ પંચ કુંડી ગાયત્રી યજ્ઞમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. ડો. કિશનભાઇ દવે અને અન્ય વિદ્વાનો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી યજ્ઞ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના અંતે મહાપ્રસાદનુ આયોજન કરાયું હતું.

### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં દાતા પરિવાર દ્વારા કંકુની ડબ્બીઓનું વિતરણ કરાયું



**પેટલાદ |** પેટલાદ તાલુકાની મોરડ પ્રાથમિક શાળામાં સ્વ. પરસોત્તમભાઈ પરમારના સ્મરણાર્થે તેમના પુત્રો શૈલેષભાઈ અને ખુમાનસિંહ પરમારના પરિવાર દ્વારા સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિન્દુત્વની ઓળખ અને અસ્મિતા સમાન કંકુની ડબ્બીઓ શાળાના તમામ બાળકોને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. શાળાના શિક્ષક પરેશભાઈ પટેલે દાતા પરિવારની આ ઉમદા કામગીરી બદલ તેમનો સાદર આભાર વ્યક્ત કર્યો હતો. આ વિતરણ કાર્યક્રમમાં શાળા પરિવાર અને બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

### સોજિત્રાના ડભોઉ ગામે વહેરાઈ માતાજીના મંદિરે આઠમની ભવ્ય ઉજવણી કરાઇ



**સોજિત્રા |** સોજીત્રા તાલુકાના ડભોઉ ગામે શ્રી વહેરાઈ માતા યુવક મંડળ દ્વારા આયોજીત ચૈત્ર નવરાત્રી મહોત્સવ અંતર્ગત આઠમના પવિત્ર દિવસે ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ પોતાના પરિવાર સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ વહેરાઈ માતાજીની ભક્તિભાવપૂર્વક આરતી ઉતારી દર્શનનો લાભ લીધો હતો. માતાજીના દર્શન કરી ધારાસભ્યશ્રીએ આ પવિત્ર અવસરે હૃદયપૂર્વક ધન્યતા અનુભવી હતી.

### આણંદના ચાવડાપુરા-જીટોડીયા ખાતે ત્રિ-દિવસીય ભવ્ય બાઇબલ અધિવેશન યોજાયું



**આણંદ |** શહેરના ચાવડાપુરાના નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય ખાતે ફાધર જગદીશ મેકવાનના વડપણ હેઠળ ત્રણ દિવસીય બાઇબલ અધિવેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પંજાબના મુખ્ય ઉપદેશક ફાધર થોમસ સહિત વડોદરા, અમદાવાદ અને રાજકોટ ધર્મપ્રાંતના બિશપે ઉપસ્થિત રહી વિશેષ ખ્રિસ્ત યજ્ઞ અર્પણ કર્યા હતાં. આ અધિવેશનમાં પાસખા પર્વ નિમિત્તે શ્રદ્ધાળુઓને પ્રાયશ્ચિત, ક્ષમા અને પ્રભુ ઈસુના વચનો દ્વારા જીવનમાં પરિવર્તન લાવવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા ધર્મજનોએ ભક્તિભાવપૂર્વક પ્રભુ વાણીનું પાન કર્યું હતું.

### નડિયાદના વિસા ખડાયતા વડીલ મંડળનો વાર્ષિકોત્સવ વડીલ વંદના સાથે યોજાયો



**નડિયાદ |** નડિયાદમાં વિસા ખડાયતા વડીલ મંડળના વાર્ષિકોત્સવમાં ‘ઇન્ડિયા ગોટ ટેલેન્ટ’ ફેમ મુકેશભાઇ ભાટે આકર્ષક પપેટ શો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. આ પ્રસંગે 80 અને 75 વર્ષ પૂર્ણ કરનારા વડીલોનું સન્માન કરાયું તથા 50 વર્ષનું લગ્નજીવન માણતા દંપતીઓની લગ્નવિધિ તાજી કરી વિશેષ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ વડીલોને એ.આઇ.ના જમાનામાં સ્વાવલંબી અને પ્રવૃત્તિમય જીવન જીવવા પ્રોત્સાહિત કરી વિવિધ જ્ઞાતિલક્ષી સેવાઓની વિગતો આપી હતી. મંડળના હોદ્દેદારો દ્વારા આજીવન સભ્ય ફી અંગેની નવીન જાણકારી આપવામાં આવી હતી અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરીમાં આ ઉત્સવ સંપન્ન થયો હતો.

### નડિયાદ શહેરમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ભજન સ્પર્ધા યોજાશે

**નડિયાદ |** નડિયાદ શહેરમાં માનસ ચેરિટેબલ ટ્રસ્ટ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભજન સ્પર્ધામાં આપના ભજન મંડળ, આનંદ ગરબા મંડળ કે સુંદરકાંડ મંડળને આ ભજન સ્પર્ધામાં ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ ભજન સ્પર્ધા 5મી એપ્રિલ,2026ને રવિવારના રોજ સવારે 8-30 કલાકથી યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અશોકભાઈ પંચાલ મો.99980 25793નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યુ છે.

### નડિયાદના ગોકુલનાથજી મંદિરમાં મુંડન પ્રસ્તાવ અને અલૌકિક છાક મનોરથ સંપન્ન



**નડિયાદ |** નડિયાદના ગોકુલનાથજી મંદિરે વ્રજરત્નલાલજીના પૌત્ર કૃષ્ણાસ્યબાવાનો મુંડન પ્રસ્તાવ વલ્લભકુળના અનેક આચાર્યોની પ્રેરક ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયો હતો. આ મંગલ અવસરે યોજાયેલા અલૌકિક છાક મનોરથના દર્શનનો નડીઆદ સહિત રાજ્યભરમાંથી આવેલા હજારો વૈષ્ણવોએ ભક્તિભાવપૂર્વક આનંદ માણ્યો હતો. મુંડન વિધિ બાદ બ્રહ્મર્ષિ આશ્રમ ખાતે બ્રહ્મભોજન અને હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળાના હાસ્ય દરબારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેતપુર, જામનગર, વડોદરા અને જૂનાગઢ સહિતના વિવિધ સ્થળોથી પધારેલા વલ્લભકુળના આચાર્યોએ ઉપસ્થિત રહી કૃષ્ણાસ્યબાવાને શુભાશિષ પાઠવ્યાં હતાં.